પાટણનું ગૌરવ



પાટણના પટોળા


# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૧૩ • સળંગ અંક ૧૧૦ • મુંબઈ • જાન્યુઆરી ૨૦૧૬ • પાના ૨૦

• છૂટક નકલ રૂા. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર


ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

વીતેલા મહિનામાં પાટણ મંડળના ઈતિહાસમાં કદાચ પ્રથમ વાર સામુહિક નવકાર મંત્રના જાપનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદર ખાતે યોગી સભાગૃહમાં રવિવાર તા. ૧૦-૧-૨૦૧૬ના આ ભક્તિસભર કાર્યક્રમમાં અનેક પરિવારોએ હાજરી આપીને અમારા ઉત્સાહમાં વધારો કર્યો હતો. આપણે **શ્રી જયંતભાઈ 'રાહી'એ નવકાર મંત્ર** વિશે સવિસ્તાર જાણકારી આપી હતી અને વિવિધ મુદ્રાઓ દ્વારા નવકાર મંત્રના જાપ કરવાથી થતાં વિશેષ લાભ જણાવ્યા હતા. આ માટે **શ્રી જયંતભાઈ 'રાહી' તેમજ બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર કાર્યકર્તાઓના** વિશેષ આભારી છીએ. નવકાર મંત્ર જાપના સૌજન્ય દાતાઓ બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન દેરાસર, વીરમાતા હીરાબેન પોપટલાલ શાહ, શ્રીમતી શાંતાબેન પોપટલાલ શાહ અને શ્રી પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પરિવારજનો પ્રત્યે આભારભાવ વ્યક્ત કરું છું.

સંસ્થાના અને સમાજના બે મુરબ્બીઓ આગેવાન **શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો) તથા શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (કોકાનો પાડો)ના** થયેલ દુઃખદ નિધનથી હું તથા શ્રી પાટણ જૈન મંડળના કાર્યકરોએ આઘાતની લાગણી અનુભવી છે.

**શ્રી જયંતિભાઈ** મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે અનેક વરસો સુધી સક્રિય રસ લઈને સંસ્થાને યોગ્ય માર્ગદર્શન આપતા રહ્યા હતા. તેઓ શિક્ષણક્ષેત્રે વિશેષ રૂચિ ધરાવતા હતા. **તેમણે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના ચેરમેન પદેથી મંડળની સાયન્સ અને ટૅક્નોલોજી કૉલેજ માટે ત્રણ કરોડનું દાન આપવાનું તાજેતરમાં જાહેર કરેલ. તેમનું હેમચંદ્રચાર્ય યુનિવર્સીટી અને નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીમાં પણ યોગદાન રહેલ.** પાટણ કૉ.ઓપરેટીવ બેન્કના ચેરમેન તરીકે પણ બેન્કની પ્રગતિમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું. એમના અવસાનથી સંસ્થાને ન પૂરાય તેવી ખોટ પડી છે, પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તે જ અભ્યર્થના.

**શ્રી મહેન્દ્રભાઈના** દુઃખદ અવસાનથી પણ સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે. તેઓએ સંસ્થાના ટ્રસ્ટી, ઉપપ્રમુખ તરીકે તથા

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)

## *From President's Desk...*

**Focus of our Mandal Activities is to spread Happiness and Empower the Families to be self supportive, self sufficient and help them achieve the good standards of living. Samaj is aware of various initiatives that Shree Patan Jain Mandal has taken this year.**

Patan Jain Mandal has first time arranged a collective navkar mantra jaap with Jayantbhai Rahi and group on Sunday 10 January at Yogi Sabhagruh, Dadar. Large number of people attended this program and earned punynanubandhi punya. Jayantbhai explained in brief what is the benefit of doing Navkar Jaap in the Gnan Mudra, Samanvay Mudra, Pran Mudra, Sankh Mudra and Dhyan Mudra. He also explained the importance of Navkar mantra's in our life. I am thankful to Babu Amichand Panalal Adishwarji Temple Charitable Trust, Veermata Hiraben Popatlal shah, Popatlal Bhikhachand shah and Premchand Nagindas Teliawala families who have sponsored this programme.

The Patan Samaj has lost 2 of its stalwarts namely **Shri Jayantilal Popatlal Shah of Kumbharia Pado and Shri Mahendrabhai Shantilal Shah** of Kokano Pado. We will miss both of these outstanding Shreshtis as they have made tremendous impact in lives of Patanis.

**Shri Jayantibhai as Chairman of Sevantilal Kantilal Trust has only recently promised a donation of Rs 3.0 crores for the upcoming Science & Technology College.** He was also Chairman of Patan Cooperative Bank Ltd. His endowments to Patan community are well known, particularly to Hem Chandra Acharya North Gujarat University, North Gujarat Education Society. He was interested in education field and guided us to help student. I express my condolence to Jayantibhai who was member Shree Patan Jain Mandal's Managing committee and Donor.

(Cont'd on Pg 3)

## શ્રી પાટણ જૈન મંડળ

**શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા)**
**સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરીત**

**પ્રોગ્રામ સમિતિ આયોજીત**

# સૂર રંગ

## શ્રી આલાપ દેસાઈ અને હેમાલી વ્યાસ નાઈક

સંગીતના સુપ્રસિદ્ધ સંગીતકાર અને ગાયક કલાકાર
રજુ કરશે... યુગલ ગીતો, ગઝલો અને સુફી કલામ
શુક્રવાર, તા. ૧૯-૨-૨૦૧૬ (શિવાજી જયંતિ)ના
રાતના ૭.૪૫ કલાકે, બિરલા માતુશ્રી સભાગૃહ,
ન્યુ મરીનલાઈન્સ, મુંબઈ - ૨૦.

તો આ સંગીતમય સંધ્યા માણવા તમારા ડૉનેશન કાર્ડ વહેલી તકે મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ડોનેશન કાર્ડ રૂા. ૨૦૦/- રૂા. ૧૫૦/- રૂા. ૧૦૦/-**

**તા. ૨૭-૦૧-૨૦૧૬થી મંડળના મુખ્ય કાર્યાલય ખાતેથી મેળવી લેવા.**

વધુ વિગત માટે સંપર્ક શ્રી પાટણ જૈન મંડળ : 22811346 - 9167902267

**લક્કી ડ્રો રાખવામાં આવેલ છે.**

❑ પ્રોગ્રામ સમિતિ

## શ્રી પાટણ જૈન મંડળ, આયોજિત

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા, પ્રેરિત**

# સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમાં સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંકઃ સંવત ૨૦૭૨, મહા વદ ૫, રવિવાર, તા. ૨૮-૦૨-૨૦૧૬**

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના માહિતી ફોર્મ મંડળના મુખ્ય કાર્યાલયમાં ઉપલબ્ધ છે.
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧-૨૦૧૬ છે.

વધુ માહિતી માટે સંપર્કઃ શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય - ફોનઃ ૨૨૮૧૧૩૪૬

**પ્રોગ્રામ સમિતિ**

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

બીજા અનેક હોદ્દાઓ પર રહીને અનેક રીતે સંસ્થાને ઉપયોગી રહ્યા હતા. શ્રી પાટણ વર્ધમાન તપ આયંબીલ ખાતું, શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ વિગેરે અનેક સંસ્થાઓના સંચાલનમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના.

શ્રી પાટણ જૈન મંડળની જીવન સૌરભ સમિતિ દ્વારા આયોજીત એક દિવસીય યાત્રા પ્રવાસમાં સમાજના વરિષ્ઠ નાગિરકો ઉત્સાહપૂર્વક ભાગ લે એવી મારી ઈચ્છા છે. **માતુશ્રી જાસુદબેન મણીલાલ લલ્લુચંદ શાહ પરિવાર (ભાભાનો પાડો) તથા જીવદયા પરિવારવાળા શ્રીમતી ચંદ્રાબેન રમણિકલાલ શાહ (કપૂર મહેતાનો પાડો)** દ્વારા આયોજીત આ કાર્યક્રમોમાં સમાજના મુરબ્બીઓ એકમેકના પરિચયમાં આવે અને આત્મીય સંબંધોને યાદ કરી યાત્રાપ્રવાસનો આનંદ માણે એજ શુભેચ્છા.

પ્રોગ્રામ સમિતિ દ્વારા **તા. ૧૯-૨-૨૦૧૬ના દિને બિરલા માતુશ્રી ખાતે આલાપ દેસાઈના સથવારે 'સુર-રંગ' સંગીત સંધ્યાનું** આયોજન કરવામાં આવેલ છે તેના ડૉનેશન કાર્ડ વહેલી તકે મેળવી કાર્યક્રમને સફળતા અપાવવા આપ સૌને વિનંતી કરૂ છું, ઉપરાંત **તા. ૨૮-૨-૨૦૧૬ના દિને યોજાયેલ 'સમુહ લગ્ન'માં** પણ સમાજના પરિવારોને ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી કરું છું.

**સમાજ ઉત્કર્ષ સમિતિ તા. ૧૩-૩-૨૦૧૬ના રોજ એક ટ્રેડફેરનું આયોજન કરી રહી છે.** જે આનંદની વાત છે. પાટણ સમાજના પરિવારો પોતાના પ્રોડક્ટસ તથા સર્વિસીઝની જાણકારી સમાજને આપે જેથી તેમના ઉદ્યમની અનેકવિધ પ્રગતિ થઈ શકે છે. સમાજના કેટલાક પરિવારો ખાદ્ય પદાર્થના ઉત્પાદન ઉપરાંત અનેક પ્રકારના ગૃહ ઉદ્યોગો કરી રહેલ છે. તેમને સમાજનો સહકાર મળે તે જ અમારો હેતુ છે. આપણા સમાજના પરિવારોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનું અમારું લક્ષ્ય છે. આપણે સૌ ભેગા મળીને આ ટ્રેડફેરને સફળ બનાવીએ તેવી શુભેચ્છા.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESIDENT'S 1DESK... (Cont. from Page 1)

I also express my condolence to Shri Mahendrabhai who was past Trustee and vice president, Donor & Shree Patan Jain Mandal's member of Managing committee. Mahendrabhai was interested to upliftment of woman, and contributed his donation to the Mandal for same. He was a Chairman of Shree Marine Drive Jain Aardhak Trust.

Mahendrabhai was a most lovable person of Marine drive Sangh. He has given **50 years of life for social upliftment and spiritual activities.** He is a tribute to Patan Jain Mandal, Marine Drive Jain Sadharmik Foundation, Hastgiri Bhojanshala and Patan Jain vardhman tap ambil Sanstha.

Jivan saurabh has arranged one day yatra pravas to **Senior citizen at Jivdaya dham and Lodha dham on 6 February.** I hope a Large number of people participate in these yatra.

Program committee has arranged a musical program Sur Rang with Aalap Desai on 19 February 2016, at Birla Matushree Sabahgruh, Marine lines. I request everyone to collect your donation card as soon as possible.

Program committee will also arrange a **Samuh Lagna on 28 February 2016.** I request everyone to participate in samuh lagna and make this event a huge success.

Social upliftment and Economic upliftment committee has organising a **Grand Trade fare and Exhibition on 13 march 2016 at Visvakarma baug, Vile Parle.** I request all patani families to come forward and participate in this event. It is a great opportunity to advertise your products and services.

❑ **Dinesh Shantilal Shah**


**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**
કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાલુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**
શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

# કનાસા કલ્યાણ કેન્દ્ર

**સહર્ષ જણાવવાનું કે, ઘીના સફેદ ખાખરા, મસાલાના ખાખરા, મીઠી / તીખી મુગડીના, સાજીના મરીના સફેદ / લાલ પાપડ પણ મળશે. પાટણના ઘેસીયા લાડવા માટે ઓર્ડર આપશો તો ફેબ્રુઆરીના અતિમ સપ્તાહથી મળશે.**

**ઓર્ડરથી મીઠાઈમાં દેવડા, મગદળ, મોહનથાળ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**પાટણ : 02766-224720 • મુંબઈ: જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597**

**નવા વર્ષની મેમ્બરશીપ - ખાસ આકર્ષણ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. **ત્યારે સૌ પ્રથમ ૧૫ માસના લવાજમ રૂા. ૨૫૦૦/- રાખવામાં આવ્યા છે, જેમાં જાન્યુઆરી ૧૬ થી માર્ચ ૧૭ સુધી ૭ ડીલીવરી ઘર પહોંચ કરવામાં આવશે.** આપના કુટુંબીજનો, સગા-વહાલા તથા મિત્રોને અવશ્ય મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Meenaben - 9833271499 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Pydhonie / Nagdevi | Pydhonie / Nagdevi | Vile Parle | Santacruz / Vile Parle |
| Shaileshbhai - 9821023693 | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Andheri | Malad/Kandivali/ | Goregaon | Vile Parle Sales Centre |
| Niranjanbhai - 9819280255 | Borivali/Dahisar | Jitubhai - 022-32053690 / | Jayeshbhai - 9920385597 |
| | Bipinbhai - 9324621637 | 7498115528 | |

ADVT

# ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૧૬

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ મુંબઈના જુદા જુદા વિસ્તારોની ક્રિકેટ ટીમો વચ્ચે T20 ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ છ ક્રિકેટ ટીમોએ ભાગ લીધો છે. પ્રથમ રાઉન્ડની મેચો નીચે મુજબ રમાશે. જેમાં વિજેતા નિવડેલ ચાર ટીમો વચ્ચે **કર્ણાટક સ્પોર્ટીંગ એસોસિએશન ક્રોસ મેદાન, ચર્ચગેટ ખાતે ૯ થી ૧૨.૩૦ અને ૧ થી ૪ દરમ્યાન સેમી ફાઈનલ મેચ રમાશે.**

**રવિવાર તા. ૨૮-૨-૨૦૧૬ના ફાઈનલ મેચ - ડે એન્ડ નાઈટ ગોરેગામ સ્પોર્ટસ ક્લબ, ગોરેગામ ખાતે સાંજે ૬ થી ૧૦ દરમ્યાન રમાશે.**

ઉપરોક્ત સર્વે મેચો દરમ્યાન સમાજના ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા આપ સૌને ઉપસ્થિત રહેવા વિનંતી.

ચાલુ સાલે પ્રથમ વખત જ ટીમોને નીચે મુજબના દાતાઓ તરફથી સ્પોન્સર કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| o એસ. કે. પરિવાર | - | બોરીવલી |
| o પ્રીસીસન બેરીંગ્સ પ્રા. લિ. | - | અંધેરી - વિલેપાર્લે |
| o બ્રાઈટ સીસ્ટમ | - | ગોરેગામ - એ |
| o પી. રોહીતકુમાર એન્ડ કું. | - | ગોરેગામ - બી |
| o સ્મીથ એન્જિનિયરીંગ કું. | - | પ્રાર્થના સમાજ - વાલકેશ્વર |
| o કે. સેવંતીલાલ એન્ડ કું. | - | મરીન ડ્રાઈવ |

| | | | |
|---|---|---|---|
| તા. ૧૯-૧-૧૬ | (૧) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ | વિરુદ્ધ | કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ |
| | (૨) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ | વિરુદ્ધ | પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ |
| તા. ૨૧-૧-૧૬ | (૧) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ |
| | (૨) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ | વિરુદ્ધ | પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ |
| તા. ૨૭-૧-૧૬ | (૧) એસ. કે. પરિવાર બોરીવલી ટીમ | વિરુદ્ધ | પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ |
| તા. ૨૯-૧-૧૬ | (૧) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ |
| | (૨) પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ | વિરુદ્ધ | કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ |
| તા. ૨-૨-૧૬ | (૧) પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ | વિરુદ્ધ | પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ |
| | (૨) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ | વિરુદ્ધ | સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ |
| તા. ૪-૨-૧૬ | (૧) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ | વિરુદ્ધ | પી. રોહીતકુમાર એન્ડ કું. ગોરેગામ (B) ટીમ |
| | (૨) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ |
| તા. ૯-૨-૧૬ | (૧) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ | વિરુદ્ધ | એસ. કે. પરિવાર બોરીવલી ટીમ |
| | (૨) કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ | વિરુદ્ધ | પ્રીસીઝન બેરીંગ્સ પ્રા.લિ.અંધેરી-વિલેપાર્લા ટીમ |
| તા. ૧૧-૨-૧૬ | (૧) બ્રાઈટ સીસ્ટમ ગોરેગામ(A) ટીમ | વિરુદ્ધ | કે. સેવંતીલાલ એન્ડ કું. મરીન ડ્રાઈવ ટીમ |
| | (૨) સ્મીથ - પ્રાથનાસમાજ-વાલકેશ્વર ટીમ | વિરુદ્ધ | એસ. કે. પરિવાર બોરીવલી ટીમ |

## ૪૫ વર્ષથી વધુ વયના મુરબ્બીઓની ક્રિકેટ મેચ

**રવિવાર તા. ૨૮-૨-૨૦૧૬ • સમય : સવારે ૯ થી ૪ • સ્થળ : ગોરેગામ સ્પોર્ટસ ક્લબ, ગોરેગામ.**

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટેની ક્રિકેટ મેચ નીચેની વિગતે યોજાયેલ છે તેમાં ભાગ લેનાર ઈચ્છુક સભ્યોએ પોતાનું નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, મોબાઈલ, રહેઠાણ વિસ્તારનું નામ લખી **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડિપોઝીટ** ભરી મંડળના મરીન ડ્રાઈવ, ગોરેગામ અથવા બોરીવલી ખાતેના કાર્યાલયમાં **તા. ૧૪-૨-૨૦૧૬ સુધી** નોંધાવી જવા વિનંતી છે.

આયોજીત

# શ્રી પાટણ જૈન મંડળ

## શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે સમાજના પરિવારોના ઉત્કર્ષ માટે પ્રથમ

## ટ્રેડફેર અને એક્ઝીબીશન

### પ્રાયોજક-સૌજન્ય દાતાઓ

- ડૉ. જશવંતલાલ મણીલાલ શાહ - ભાભાનો પાડો
- શ્રી દિપકભાઈ મોહનલાલ શાહ - મહાલક્ષ્મીમાતાનો પાડો
- કનાસા કલ્યાણ કેન્દ્ર, કનાસાનો પાડો, પાટણ, મુંબઈ
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)- કનાસાનો પાડો

**દિનાંક :** રવિવાર તા. ૧૩ માર્ચ, ૨૦૧૬

**સમય :** સવારે ૯.૦૦ થી રાતે ૯.૦૦ કલાકે

**સ્થળ :** વિશ્વકર્મા બાગ,
૩૬/૩૭, બજાજ રોડ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬

**આ ટ્રેડફેરના ઉદ્‌ઘાટન માટે નામાંકિત વ્યક્તિઓને આમંત્રિત કરવામાં આવશે**

આ ટ્રેડફેરમાં વેચાણને પ્રોત્સાહન આપવા માટે ''Friends of Patan'' નામથી રૂા. ૧૦૦૦ના ગુણાંકમાં Upliftmen Coupans રાખવામાં આવશે. ઓછામાં ઓછા પાંચ કુપન લેનાર સદસ્યોના નામો પાટણ પ્રતિબિંબમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. સમાજની એકતા અને ઉદ્યમોને બીરદાવવાનો એકજુથ પ્રયાસ આપણે સહુ પટ્ટણીઓએ ભેગા મળીને સાકાર કરવાનો છે.

**આ ઈવેન્ટ માટે કુલ ૭૦ સ્ટોલ વહેલો તે પહેલોના ધોરણે બુક કરવામાં આવશે**

**સ્ટોલ દીઠ નકરો રૂા. ૩૦૦૦/-**

પ્રોડક્ટ્સ પબ્લિસિટીના વિઝિટીંગ કાર્ડ્સ સમિતિ તરફથી આપવામાં આવશે.
આપના પ્રોડક્ટ્સ પબ્લિસિટિમાટે અત્યાધુનિક પદ્ધતિઓ દ્વારા પ્રચાર કરવામાં આવશે.

**સ્ટોલ બુકીંગની આખરી તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ના સાંજે ૬.૦૦ વાગ્યા સુધી**

સ્ટોલ નોંધાવનારના નામ પ્રતિબિંબ-ફેબ્રુઆરીના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

**વધુ વિગત માટે સંપર્ક**

**શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલય :** ૭૭, પાટણ જૈન મંડળ, મરીન ડ્રાઈવ, મુંબઈ ૪૦૦૦૨૦.
ફોન : ૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮ મો.: ૯૧૬૭૯૦૨૨૬૭

**શાખા કાર્યાલય**

**ગોરેગામ કાર્યાલય :** રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨
ફોન : ૨૮૭૭૬૦૯૦ **સમય:** ૯.૩૦ થી ૧૨.૩૦ - ૪.૦૦ થી ૭.૦૦

**બોરીવલી કાર્યાલય :** એ-૨૩/૧, રતનનગર, દીપ નારાયણ દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮,
ફોન : ૨૮૯૧૧૩૦૮ **સમય:** ૯.૩૦ થી ૧૨.૩૦ - ૩.૩૦ થી ૬.૩૦

**શ્રી નીલેશભાઈ કાંતિલાલ શાહ :** ટોડી ભુવન, બીજે માળે, મોદી પટેલ રોડ, ભાયંદર (વેસ્ટ), પીન : ૪૦૧૧૦૧
ફોન : ૨૮૧૮૩૭૫૫ મો. : ૯૩૨૧૧૫૦૧૬૦

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ:** છઠ્ઠે માળે, ગૌતમધન એપાર્ટમેન્ટ, દાદાભાઈ રોડ, વિલે પાર્લે (વે), મુંબઈ - ૪૦૦૦૫૬
ફોન : ૨૬૭૧૫૫૭૫ મો.: ૯૩૨૪૧૧૫૫૭૫

**ટ્રેડફેર એક્ઝીબીશન માટેના ફોર્મ પાના નં. ૬ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે,**
**તેમજ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.**

❑ ઈકોનોમીક એન્ડ સોશિયલ અપ્લીફમેન્ટ સમિતિ

# Trade Fair & Exibition 2016

# Organised by Shree Patan Jain Mandal

**Date -** 13th March 2016 - Sunday.

**Venue -** Vishwakarma Baug, 36/37 Bajaj Road, Vile Parle (West) Mumbai – 56

* Required Fields

Full Name * ______________________________ Mohallo:: ____________________

Residential Address * ____________________________________________

____________________________________________

Contact Number * Resi: ____________________ Mobile: ____________________

Interested In * For which item you will Participate

- ☐ Electronic
- ☐ Fashion Designing
- ☐ Ornaments & Imitation jewelry
- ☐ Interior Designing
- ☐ Plastic , Printing & packing
- ☐ Home Decore & Furtinure
- ☐ Account keeping - tally
- ☐ Consulting services
- ☐ Franchise based retail shop
- ☐ HR Services
- ☐ Insurance Service
- ☐ IT service industries
- ☐ Jain dharmic classes
- ☐ Product Quality services
- ☐ Stock & Investment
- ☐ Tutorials & coaching
- ☐ Mehendi, Bridal Make-up
- ☐ Hair dressing & Beauty parlor
- ☐ Wedding dressings
- ☐ Flower arrangement
- ☐ Home based food - Catering, Cake,
- ☐ Chocolate, Papad, Khakhara, Special snacks, Ice creams
- ☐ Tiffin services
- ☐ Dance classes
- ☐ Cloth items
- ☐ Computer training
- ☐ Musical instrument
- ☐ Physiotherapy & Yoga training
- ☐ Proof reading & writing
- ☐ Gift wrapping
- ☐ Batwa, Embroidery
- ☐ Tailoring
- ☐ Dress material
- ☐ Other :__________________

**Registration can be done online at http://goo.gl/forms/HX5LJcxSFr**

**Registration Fee 3000/- SUBMIT This Form with Fees at Following Centres**

1. Patan Jain Mandal, HO, 77, Patan jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Phone: 22811346
2. Patan Jain Mandal, Goregaon, Roopam, 52 Jawahar Nagar, Goregaon West Mumbai 400062, Phone: 28776090
3. Patan Jain Mandal, Borivali, A-23/1, Ratan nagar, D. N Dube Marg, Borivali East, Mumbai 400068, Phone: 28911308
4. Shri Nilesh Kantilal Shah, 201, Todi Bhavan, Modi Patel Rd., Bhayander (W),-Thane 401101, Tel: 28183755 M. 9321150160
5. Smt. Bhartiben Bhagubhai Shah A/26- Gautam Dhan Apts, Dadabhai Rd, Vile Parle (W), Mumbai-56, Tel: 26715575 M. 9324115575

**For Further Details Contact:**

**1. Nikhil Banker 9820043058, 2. Divesh Shah 9869333716, 3. Nilesh Shah 9321150160, 4. Bhavik Shah 7666676701, 5. Danesh Shah 9930891985**

**Note: Please book the stalls before 15th Feb. and your names will be published in February Pratibimb issue.**

# પાટણના પટોળા



પ્રાચીન વિરાસત અને ભારતીય સંસ્કૃતિની ઓળખ સમી હસ્તકારીગરી એટલે પાટણના પટોળા. વિશ્વમાં હસ્ત કારીગરીનો બેનમૂન નમૂનો એટલે 'પાટણનું પટોળું', યંત્રોના આવિષ્કાર પહેલા બુદ્ધિ અને શક્તિના સહારે વિકસાવેલા કસબો આજે પણ માનવજાતના ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સ્થાન પામ્યા છે. પાટણનું પટોળુ આવો સાચવી રાખવા જેવો વારસો છે.

પાટણના પટોળા બજારમાં મળતાં નથી ગુજરાત કે ભારતના કોઈપણ શોરૂમમાં પાટણના પટોળા હોતા નથી. બજારમાં, શોરૂમ્સમાં કોઈપણ એક્ઝીબીશનમાં કે ગુર્જરીમાં પાટણ પટોળાના નામે જે કાંઈ વેચાય છે તે નકલી છે. આ બાબત પાટણ પટોળા ખરીદનારે ખાસ ધ્યાનમાં રાખવી. પાટણના પટોળા માત્ર ઓર્ડરથી જ બનાવવામાં આવે છે અને સીધા કસ્ટમર્સને ડીલીવરી કરવામાં આવે છે.

### પાટણના પટોળાની મુખ્ય ખૂબીઓ

પાટણના મહારાજા કુમારપાળ અને કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યજીના સમયથી એટલે કે ૯૦૦ વર્ષોથી પાટણના પટોળા અને ડબલ ઈક્ત વણાટ કામને લીધે પાટણ વિશ્વ પ્રસિદ્ધ બનેલ છે.

(૧) ડબલ ઈક્ત પાટણ પટોળા સાડી એઠલે બન્ને બાજુ સરખી ડીઝાઈન, બન્ને બાજુથી પહેરી શકાય તેમજ પાટણ પટોળું તૈયાર થયા પછી બનાવનાર કસબીને પણ ખબર ન પડે કે ઉલટું કયું અને સુલ્ટું કયું.

(૨) પાટણ પટોળાની ડબલ ઈક્ત હસ્ત કારીગરીમાં હજુ સુધી કોઈજ મશીન કે કોમ્પ્યુટરનો ઉપયોગ થઈ શક્યો નથી અને આ કારીગરી સંપૂર્ણ હાથ વણાટની છે. જે બનાવવામાં ૩ માણસો હોય તો ૪ થી ૬ મહિને એક પટોળુ બનાવી શકે છે. પાટણ પટોળું બનાવવામાં રહેલી સખત મહેનત, ચીવટ, ગણતરી, ધીરજ, બુદ્ધિ, આવડત વગેરેને લીધે ૭૦૦ કુટુંબોમાંથી હવે માત્ર ત્રણ કુટુંબો આ કારીગરી સાચવી રહ્યા છે.

(૩) આજની હાઈટેક ટેક્નોલોજી અને વિજ્ઞાનના વિકાસના યુગમાં વિશ્વનો કોઈપણ દેશ પાટણના પટોળાની હસ્ત કારીગારીને મશીનરીમાં બનાવી શકેલ નથી. આથી પાટણના પટોળા વિશ્વ વિખ્યાત બન્યા છે.

(૪) કોઈપણ હાથ વણાટનું કાપડ ૮૦ થી ૧૦૦ વર્ષો સુધી ચાલશે નહીં. જ્યારે પાટણનું પટોળું ૮૦ થી ૧૦૦ વર્ષ સુધી ચાલે છે અને ત્યારબાદ વેચવા નીકળો તો ખરીદ કિંમત કરતાં વધુ 'રિસેલ વેલ્યુ' આવે છે, આમ પાટણનું પટોળું જેમ જૂનું બને તેમ કિંમત ઘટવાને બદલે વધે છે. આથી પાટણ પટોળું એક દાગીના સમાન અને ઘરની શોભા વધારનારું ગણાય છે.

(૫) પાટણના પટોળા લગભગ ૩૦૦ વર્ષો સુધી તેનો કલર (રંગ) જાળવી રાખે છે. જ્યારે ભારતની કોઈપણ સાડીના આટલા વર્ષો સુધી રંગો ટકશે નહીં.

(૬) પાટણના પટોળા બનાવવામાં વપરાતી લૂમ ફક્ત હાથ વડે ચલાવવામાં આવે છે, તેમાં પગના કોઈ પેંડલ હોતા નથી. આવી લૂમ ભારતભરમાં કે વિશ્વમાં ક્યાંય જોવા નહીં મળે, જે પાટણના પટોળા બનાવતા સાલવી કસબીઓની વિશિષ્ટતા છે.

(૭) પાટણ પટોળા બનાવતા સાલવી કસબીઓ ૯૦૦ વર્ષોથી તેમની માપપટ્ટીઓ દ્વારા પટોળા સાડીની ડિઝાઈનમાં નેનો કે માઈક્ એટલે માથાના વાળ જેટલો ફેરફાર કરી શકે છે જે ભારતના કોઈપણ હસ્ત કારીગરો પાસે આવી આવડત નથી.

(૮) ૮૦ વર્ષ પહેલાં હાલ કરતાં નાની સાઈઝના પટોળા બનાવવામાં આવતાં હતા જે વીટીમાંથી પસાર જઈ જતા હતા.

આ બધા કારણોથી પાટણના પટોળાનું મહત્વ વિશેષ છે અને વિશ્વના ખૂણે ખૂણેથી આ અજાયબીભરી અદ્વિતિય, અજોડ, બેનમુન અને અમૂલ્ય હસ્ત કારીગરી જોવા પાટણના આંગણે પધારે છે.



### ઈતિહાસ

પાટણના પટોળા બનાવતા કારીગરો મૂળ દક્ષિણ ભારતમાંથી આવેલા સાલવી કુટુંબો છે. ઈ.સ. ૧૧૭૫ આસપાસ પાટણના રાજવી સિદ્ધરાજ જયસિંહ પછી કુમારપાળ રાજા થઈ ગયા. તેઓ જૈન ધર્મી હતા અને દરરોજ પૂજા કરતી વખતે નિત્ય નવા પટોળાનો ઉપયોગ કરતા હતા. પટોળું રેશમનું હોઈ જૈન ધર્મમાં પૂજા વિધિ માટે ઉપયોગ થઈ શકતો. પરંતુ મહારાજ કુમારપાળ જે પટોળા પહેરતા હતા તે પવિત્ર ન હતા. કારણ કે તે સમયે પટોળા મહારાષ્ટ્રના ઔરંગાબાદ પાસેના જાલનાની બાજુમાં મૃંગીપટ્ટન ગામમાંથી પાટણ આવતા હતા અને જાલનાના રાજા આ પટોળાનો એકવાર ઉપયોગ કર્યા પછી જ બહાર પરદેશ મોકલતા હતા અને વપરાયેલું પટોળું પવિત્ર ગણાય નહીં અને તે પૂજા વિધિમાં વાપરી શકાય નહીં. આથી મહારાજા કુમારપાળે જાલના ઉપર ચઢાઈ કરી તેના રાજાને હરાવી સાતસો સાલવી કુટુંબોને પાટણમાં લાવી વસાવ્યા. તે સમયે સાલવીઓ દિગંબર જૈન હતા. પરંતુ પાટણ આવ્યા પછી મહારાજ કુમારપાળે તેઓને શ્વેતાંબર જૈન બનાવ્યા.

પાટણના પટોળાની વિશ્વ વિખ્યાત હસ્ત કારીગરીને લુપ્ત થતી અટકાવવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી ડૉ. જીવરાજ મહેતા એ પ્રયત્નો કરેલ હતા. ત્યારબાદ ૫૦ વર્ષો પછી પૂર્વ મુખ્યમંત્રી માન. નરેન્દ્રભાઈ મોદી અને પાટણના પૂર્વ ધારાસભ્ય શ્રીમતી આનંદીબેન પટેલ ઐતિહાસિક વિરાસત સમી પાટણના પટોળાની હસ્ત કારીગરીને ઉજાગર કરી વિશ્વ સ્તરે લઈ જવા ભરપૂર પ્રયત્ન કરી રહ્યા છે.

ઈન્ડોનેશિયામાં બાલી, જાવા અને સુમાત્રામાં લોકો પાટણના રીયલ પટોળાને પવિત્ર, ભાગ્યવર્ધક અને લક્ષ્મીવર્ધક ગણે છે અને આ પટોળાનો નાનો પીસ (ટુકડો) પૂજાના રૂમમાં કે ઓશિકા નીચે રાખે છે.

### પટોળા શબ્દનો અર્થ :

પટોળું એ રેશમી વસ્ત્ર છે. પટોળુ શબ્દ 'પટ્ટ' (રેશમી વસ્ત્ર) પરથી આવેલો છે. ઈ.સ. સાતમી સદીથી પટ્ટ શબ્દ વસ્ત્રના અર્થમાં વપરાતો જોવા મળે છે.

ગુજરાતના પ્રખર પંડિત ડૉ. કે.કા. શાસ્ત્રીએ સંસ્કૃત 'પટ્ટકલમ'માંથી અપભ્રંશ થઈને પટોળું આવ્યો હોવાનું મંતવ્ય રજૂ કર્યું છે. મહાકવિ કાલીદાસે તેમના માલવિકાગ્નિમિત્ર નાટકમાં 'પત્રોર્ણ' શબ્દ અને શાંકુંતલમાં 'ચીનાંશુક' શબ્દ વસ્ત્ર માટે વાપર્યા છે.



જૈનોના ૨૦૦૦થી વધુ વર્ષો જુના ધર્મગ્રંથ 'કલ્પસૂત્ર'માં સાલવી જ્ઞાતિના પટોળાનો ઉલ્લેખ છે. તેવીજ રીતે ૧૭ મી સદીમાં થઈ ગયેલ પ્રેમાનંદના 'કુંવરબાઈનું મામેરું'માં પાટણના પટોળાનો ઉલ્લેખ છે. આમ પાટણના પટોળાની હસ્ત કારીગરી આશરે ૨૦૦૦ વર્ષો જૂની છે.

### મુખ્ય ડિઝાઈનો

પાટણ પટોળામાં ૯૦૦ વર્ષોથી ચાલી આવતી ડિઝાઈન જ હાલ ચાલે છે તેમાં ક્રેઝ બદલાતો નથી. પટોળામાં મુખ્યત્વે ટ્રેડીશનલ ડીઝાઈન્સ જ વપરાય છે. જે આજથી વર્ષોના વર્ષો પહેલા પણ ચાલતી હતી. પટોળા સાડી ઉપરાંત હાથરૂમાલ, દુપટ્ટા, ટેબલક્લોથ, શાલ, વોલપીસ બોર્ડર (LACE), ટાઈ, પર્સ, બટવા, ચણીયાચોલી વગેરે પણ બનાવવામાં આવે છે. પટોળા બનાવવામાં કેમીકલ તથા વનસ્પતિ (Natural) રંગોનો ઉપયોગ થાય છે. જે કસ્ટમર્સની પસંદગી ઉપર આધાર રાખે છે.

કહેવત

પટોળામાં તાણા અને વાણામાં રંગો થઈ ગયા હોવાથી અને રંગો ખૂબજ પાકા હોવાથી રંગો જવાનો પ્રશ્ન રહેતો નથી આથી ગુજરાતીમાં કહેવત પડી છે કે,

''પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં''

The Design laid down in Patola may be tornout but in shall never fade.

મતલબ કે પટોળુ ફાટી જાય તો પણ તેના રંગો અને ભાત જતા નથી તેમજ રંગો ઘસાતા નથી.

### પટોળાની કિંમત :

માન. સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધી, શ્રીમતી નરગીસ દત્ત, શ્રી રાજીવ ગાંધી, અમિતાભ બચ્ચન, સોનિયા ગાંધી વિગેરેએ પાટણના પટોળા ખરીદેલ છે.

પાટણ પટોળું બનાવવામાં ૨૦ (વીસ) નાની-મોટી પ્રોસેસ (પ્રક્રિયા) કરવી પડે છે. આમ સખત મહેનત અને એક પટોળું બનાવવામાં લાગતા વધુ સમયને લીધે પટોળાની કિંમત ઊંચી રહે છે. પટોળા સાડીની કિંમત મોટે ભાગે રૂા. ૧,૫૦,૦૦૦/-થી શરૂ થઈ રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીની હોય છે. કિંમતની વધઘટ પટોળું બનાવવામાં થતી મહેનત અને સમય પર આધારિત છે. પટોળું મૂલ્યની દ્રષ્ટિએ જેટલું કિંમતી છે. તેના કરતાં વધુ કારીગરીની દ્રષ્ટિએ વધુ કિંમતી છે.

**રાષ્ટ્રીય પુરસ્કાર (NATIONAL AWARD):**

પટોળાની આ બેનમૂન કારીગરીની પ્રશંસા કરી કદરરૂપે ભારત સરકારે શ્રી સેવંતીલાલ લહેરચંદ સાલવીને માનનીય રાષ્ટ્રપતિશ્રી ઝૈલસિંઘના હસ્તે ઈ.સ. ૧૯૮૩માં 'નેશનલ એવોર્ડ' આપી બહુમાન કરવામાં આવ્યું છે.

ભારત સરકાર હસ્તકની 'નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન સંસ્થા' દ્વારા આઈ.આઈ.એમ. અમદાવાદ ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે ભારતની ઐતિહાસિક ટ્રેડીશનલ કારીગરી વંશ પરંપરાગત જાળવી રાખવા બદલ, શ્રી સેવંતીલાલ લહેરચંદ સાલવીને એવોર્ડ અને પ્રમાણપત્ર આપી વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું છે.

ભારત સરકાર દ્વારા ઈ.સ. ૨૦૦૯માં દેશભરમાંથી કુલ વીસ અને ગુજરાતમાંથી એકમાત્ર પાટણ પટોળાને યુનેસ્કો દ્વારા 'ઈન્ટેન્જિબલ કલ્ચરલ વર્લ્ડ હેરીટેજ' યાદીમાં નોમીનેટ કરવામાં આવેલ છે. તેમજ આ બાબત દિલ્હીની લોકસભામાં પણ જાહેર કરવામાં આવેલ.

ગુજરાત રાજ્યના માજી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શ્રી અશોકભાઈ સેવંતીલાલ સાલવીને હસ્ત કારીગરી ક્ષેત્રે વર્ષ ૨૦૦૬નો રાજ્યનો પ્રથમ શ્રેષ્ઠ એવોર્ડ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેમજ ગુજરાતના રાજ્યપાલશ્રી નવલ કિશોર શર્મા દ્વારા શ્રી અશોકભાઈને પટોળાની હસ્ત કારીગરી વંશ પરંપરાગત જાળવી રાખવા બદલ શાલ ઓઢાડી અને પાઘડી પહેરાવીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

તા. ૧૫-૧૧-૨૦૦૨ના રોજ સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા રૂા. ૫/-ની 'પાટણ પટોળા'ની ટપાલ ટીકીટ બહાર પડેલી છે. ગુજરાત રાજ્યમાંથી ગુજરાતી તરીકે અત્યાર સુધીમાં મહાત્મા ગાંધીજી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી ધીરૂભાઈ અંબાણીની ટપાલ ટીકીટ બહાર પાડવામાં આવેલ હતી. ત્યારબાદ પાટણ પટોળાની ટપાલ ટીકીટ બહાર પાડવાથી પાટણના પટોળાએ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારેલું છે.

સ્વર્ણિમ ગુજરાતના ભાગરૂપે યુ.કે.ના લેસ્ટર શહેરમાં સપ્ટેમ્બર ૦૯ ઈન્ટરનેશનલ એક્ઝીબીશનમાં ગુજરાત સરકારશ્રી દ્વારા પાટણના પટોળાના કસબી શ્રી અશોકભાઈ સાલવીને યુ.કે. મોકલવામાં આવ્યા. જ્યાં તેમણે પટોળા અને પાટણની વિશ્વસ્તરે આગવી ઓળખ પ્રસરાવી હતી.

અનેક લોકગીતો અને કહેવતોમાં વણાઈ ગયેલું પાટણનું પટોળું પાટણની પહેચાન બની ગયું છે. પટોળાથી પાટણ અને પાટણના પટોળાથી ગુજરાત વિશ્વમાં પ્રખ્યાત બન્યું છે.

પાટણના પટોળાની હસ્ત કારીગરી માત્ર પાટણની જ નહીં પરંતુ ગુજરાત અને ભારતની શાન છે. આપણા દેશનું ગૌરવ છે.

ઢાકાની મલમલની માફક પટોળાની આ અમૂલ્ય અને બેનમૂન હસ્ત કારીગરી મૃતઃપ્રાય બનતી અટકાવવા સર્વ શુભેચ્છકોના સહકારની અપેક્ષા.

**સંકલનઃ શ્રી અશોકભાઈ સેવંતીલાલ સાલવી (પટોળાવાળા)**

# PATOLA OF PATAN

Handicraft of Patan Patola Means acquintance of historical heritage and Indian Cultural. In the world the art unparalleled is "PATOLA of PATAN." Before invention of machines, craft developed with the help of knowledge and power put their stand as historical heritage in the mankind. Patola of Patan is one of them to take care as heritage.

Patola of Patan is not seen in any shop or show-rooms in Gujarat or in India. What ever sold with the name of Patola of Patan in show-rooms or in shop or in Gurjary are only duplicate Patola of Patan. Patola of Patan are manufactured only by direct order of customer and delivered to the customer. We request to all valued customers of Patola of Patan, not to get cheat on name of Patola of Patan. Also we request our valuable customer to contact direct to us for Patola of Patan.





## MAIN TRAIT OF PATOLA OF PATAN

From the era of Patan's Maharaja Kumarpal and Kalikal Sarvagnya Acharya Hemchandracharya's time i.e. approximately from 900 years ago, patan has become a world famous because of its "Patola of Patan" and "Double Ikat" weaving work.

1. "Double Ikat" Patola of Patan-saree means, equal design on both side, wearable and even weaver cannot identify which side is front & back side.
2. In "Double Ikat" handicraft, not a machine or computer has been used. It is completely hand weaved item. If there are 3 persons. Tiles, it will take 4 to 6 months to weave one Patolu. Needs of such skills, like carefulness, deep calculations, mind, patience, perception, attention and very hard working, now only 3 out of 700 families are survived it.
3. In era of science and technology, no single country is able to take this handicraft on machine in the world. With such reasons Patan Patola has become world famous.
4. Any cloth weaved by hand cannot be lasted up to 80 to 100 years. But Patan Patola lasts up 80 to 100 years, and after that, if you want to sale it, you will get much more price than price of purchase. That way, you can say it is an invaluable ornament of your home.
5. Patola of Patan keep the colours approximately 300 years. No other sari of India can keep its colours this long lasting.



6. The loom for Patan Patola is operated only by hand, has no leg paddle and is slanted at one end. the loom is only a frame with no mechanical motions. One cannot find such loom in the world elsewhere. This is the ideal loom for making Patola of Patan from Salvi craftsmen.
7. Salvies use a special measurement tape in the weaving work of Patola of Patan from hundred of years can do changes in neon or micro centimeter as well width of hair. Any craftsmen does not have such technique.
8. Patola of Patan were made in such small size that they can pass through ring before 80 years. Because of such reasons Patola of Patan has special importance, visittors comes to Patan to view this invaluable, precious, unique and wonderable handicraft in patan from all over the world.

## HISTORY

Craftmen of Patola of Patan are originally from South India's salvi families, Around 1175 AD a King Kumarpal, a Jain cast king has kingdom. He uses new Patola every day for worshiping god. Patola being made from pure silk is accepted by Jainism. The Patola used as dress for worship for king Kumarpal were not holy. Because at that time Patola were imported from 'MungiPattan' near to Jalna situated Aurangabad, Maharastra State, South India. King of Jalna use this Patola and then export it to other places, and this used patolu is not considered holy for worship and so not used in devotion. So king Kumarpal defeated king of Jalna and brought 700 Salvi craftsmen to Patan and resided them. At that time those salvies were Digambar Jain. Kumarpal converted them into 'Shwetambar' Jain after resided them in Patan.

Former Honourable Chief Minister of Gujarat Dr. Jivraj Mehta given their contribution to stop the world famous art of Patola being vanished. Then after 50 years present Honourable Ex.Chief Minister Shri Narendrabhai Modi and Patan's MLA Smt. Anandiben Patel tried to increase fame of heritage Patola of Patan at the world level. People of Java and Sumatra of Indonesia believes that Patola is very holy, prosperous and prosperity for them and they always put a piece of Patola in reverence room or under a pillow.

## MEANING OF PATOLA

PATOLA is one kind of silk cloth. The word of PATOLA comes from 'patt' (silk cloth). From 700 AD i.e. 'patti' is used to decribe silk cloth. Mr. K.K. Shashtri, one of the greatest pandits of Gujarat, gives his opinion that PATOLA is deformed from Sanskrit word 'pattkalam'.

Mahakavi kalidas used 'patrorna' and 'chinankush' words in his lyrics Malvikagnimitra and Shakuntal respectively.

Salvi cast's Patola were mentioned in 2000 years old Jain's religious book 'Kalpsutra'. Also it was described in Premanand's 'Kuvarbai's Mameru' in 17th century. That's , this Patola of Patan's handicraft is 2000 years old.

## MAIN DESIGN

There is no change in the design used from hundred of years in Patola of Patan. Mostly the traditional designs were used in the Patola of Patan, which were used years ago. Besides Patola Sari, Handkerchief, Table Cloth, Dupatta, Wall Piece, Lace, Shawl, Purse, Batwa, Chaniya Choli etc are prepared. In preparation of Patola, Natural and Chemical colours were used depending on customer's choice.

## PROVERB

In PATOLA, colors are developed on warp and weft. Those colors are very fast and so never washed out. So it becomes a proverb in Gujarati.

***"PAD! PATOLE BHAT, FATE PAN FITE NAHI"***

means The design laid down in PATOLA may be tomout but it shall never fade for ever.

## COST OF PATOLA

Honourable Late Smt. Indira Gandhi, Nargis Dutt, Rajiv Gandhi, Amitabh Bacchan, Smt. Sonia Gandhi and Others were purchased Patola of Patan.

There are at least 20 (twenty) small and big processes in making of Patola of Patan. Such tough work and long time for making Patola, makes its cost higher. The cost of one Patola sari varies from Rs. 1,50,000/-to3,00,000/-. Cost variation depends on labour and time consumed. Patola is more costly compared to art-used than its cost. One sari under normal use lasts for 80 to 100 years. As long as Patolu gets older its cost increases inspite of Decreasing Therefore, it is considered as an ornament and priceless dignity of home.

## NATIONAL AWARD

In appreciation of unique craft manship of PATOLA, Govt. of India awarded 'National Award' to Late Shri Sevantilal Laherchand Salvi in the hands of Honourable President of India Shri Zailsingh in 1983. Surviving the historical and traditional craftsmanship of PATOLA, Late Shri Sevantilal Laherchand Salvi has been awarded on 5th January, 2005 by Honorable President of India, Shri A.P.J. Abdul Kalam on behalf of National Innovation Foundation, at MM, Ahmedabad. Patan Patola is nominated for 'Intangible Cultural World Heritage' by UNESCO which is the only one from Gujarat & among the 20 items from the India in 2009 by Indian Government, This is also announced in Parlament of India.

A first prize 'Best Award in Handicraft Works - Year 2006' of Gujarat State is given to Shri Ashokbhai Sevantilal Salyi by Honourable Ex. Chief Minister of Gujarat, Shri Narendrabhai Modi. Also Shri Ashokbhai is honoured with 'Paghdi and Shawl' by Honorable Governer Shri Naval Kishor Sharma.

The Central Government of India has launched 'PATAN's PATOLA' postage stamp of Rs. 5/- on 15th November 2002. In respect to Gujarat at national level, from Gujarat only Mahatma Gandhi, Sardar Vallabhbhai Patel and Dhirubhai Ambani's postage stamps were launched.

International exhibiton and event from 10th Sept. to 13th Sept., 2009 organised with name 'Village India and Experience Gujarat at De-Mont Fort Hall and Garden at Leicester, UK as a part of 'Swarnim Gujarat'. In this exhibition and event Shri Ashokbhai Salvi is promoted by Gujarat Govt. to take part in There he introduced Patan's Double Ikat PATOLA at International leva).

Many folk songs and proverbs knotted by Patola has becomes identitiy of Patan. Patola of Patan puts Gujarat on world map. The art of Patola is not only pride of Patan but its pride of Gujarat, India & Abroad. We solicitate your co-operation and help to encourage to keep this priceless and unique craft alive and it should not be disappeared like 'Malmal of Dhaka'.

**Ashokbhai Sevantilal Salvi**


ગૃહસ્થ ધર્મના બે પાયા ભક્તિ (પૂજા) અને દાન કહ્યા છે...
જે પોતાનો આવકનો ૨૫% દાન આપે તે ઉત્તમ દાની... ૧૦% દાન આપે તે મધ્યમ દાની, ૬% દાન આપે તે જ ધન્ય દાની છે... શરૂઆત કરો આજથી

**દાદર કબૂતરખાના - દાદર, મુંબઈ - ૨૮**

એક ગુણી ચણના રૂા. ૧૦૦૦/-
બારેમાસ દર મહિને એક ગુણીના રૂા. ૧૨૦૦૦/-
કાયમી રકમના વ્યાજમાં આજીવન રૂા. ૫૧૦૦૦/-

**સંપર્ક : વર્ધમાન શાહ**
ફોન: 24309755 • 22814211 • મો. 9821344338

# સામુહિક નવકાર મહામંત્ર સમારંભ અહેવાલ



શ્રી પ્રમોદભાઈ તેલીયાવાળાનું અભિવાદન કરતા મંડળના માનદમંત્રીઓ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ તથા શ્રી હિતેનભાઈ વિમાવાળા



શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહનું અભિવાદન કરતા ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ તથા શ્રી તુષારભાઈ પી. શાહ



વાસક્ષેપ પૂજન કરતા સૌજન્ય દાતા પરિવારજનો તથા મંડળના હોદ્દેદારો

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વિશ્વશાંતિ માટે મહામંગળકારી સામુહિક નવકાર મંત્ર જાપનું **રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૬ના** સવારે ૯ થી ૧ દરમ્યાન યોગી સભાગૃહ, દાદર ખાતે આયોજન કરવામાં આવેલ.

**શ્રી અતુલભાઈ** દ્વારા નવકાર મંત્ર આરાધક **શ્રી જયંતભાઈ ‘રાહી’નો** પરિચય આપવામાં આવેલ, તેમજ જૈન ધર્મ અને નવકાર મંત્રની વિશેષતા અંગે રજૂઆત કરવામાં આવેલ.

**મહા કિંમતી** એવા શ્રી નવકારમંત્રની જો શ્રદ્ધાપૂર્વક આરાધના કરતો મનુષ્ય થઈ જાય તો તેના દ્વારા મોક્ષ સુધીના તમામ સુખો મળી શકે છે.

શ્રી નવકાર એ વિશ્વ હૃદય છે. એથી તેને હૃદયભૂત બનાવનારા શ્રી પંચ પરમેષ્ઠીઓ તેના હૃદયભૂત છે. માટે શ્રી નવકારને હૃદયકમળમાં સ્થાપન કરીને જાપ કરવાથી, ભક્તિ કરવાથી, ધ્યાન કરવાથી અનહદ આનંદ થાય છે.

**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી નિરંજનભાઈ પોપટલાલ શાહ તથા શ્રી પ્રમોદભાઈ પી. તેલિયાવાળા** ઈત્યાદિના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું મંગલાચરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં શ્રી જયંતભાઈ **‘રાહી’** દ્વારા નવકાર મહામંત્રના મહાત્મય અંગે સવિસ્તાર જાણકારી આપવામાં આવેલ તેમજ અત્યારના સંજોગોમાં પણ થતાં ચમત્કારો અંગેનું વર્ણન રજુ કરવામાં આવેલ.

**જ્ઞાનમુદ્રા, સમન્વય મુદ્રા, પ્રાણમુદ્રા, શંખમુદ્રા તથા ધ્યાનમુદ્રામાં** આરાધેલ નવકાર મંત્રથી થતાં વિશેષ લાભો અને વિના ઔષધોપચાર દૂર થતા રોગો વિશેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

ભાવવાહી સ્વર અને સુમધુર સંગીતમાં સૌને રસતરબોળ કરી સમગ્ર વાતાવરણ ભક્તિમય બનાવી દીધેલ. સામાન્ય રીતે એક બાંધી નવકારીવાળી એટલે કે ૧૦૮ નવકાર મંત્રનું રટણ કરવામાં આવે છે, પરંતુ તેને ૨૭-૨૭ નવકારના ચરા મણકામાં વહેચી દેવામાં આવેલ. જેમાં પ્રથમ તબક્કામાં જ્ઞાનમુદ્રામાં ધ્યાનસ્થ થઈ **ઓમ હ્રીં ઓમ**ના ત્રણ વખતના નાદ બાદ ૨૭ નવકાર મંત્રનું ધીમી ગતિથી એકદમ ઝડપભેર સંગીતના તાલ સાથે તાલ મેળવતા મેળવતા કરવામાં આવેલ. ત્યારબાદ દ્વિતિય મણકામાં સમન્વય મુદ્રામાં ત્રીજા તબક્કામાં પ્રાણમુદ્રામાં તથા ચોથા મણકામાં શંખ મુદ્રામાં કુલ ૧૦૮ નવકારમંત્રનું સામુહિક રટણ જાપ કરવામાં આવેલ. પ્રત્યેક મણકાના મધ્યમા ભાવના ગીતોની પણ સુંદર રજુઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ** દ્વારા પોતાના વક્તવ્યમાં નવકારમંત્રના ૬૮ અક્ષરો તથા તેના ગુણાકાર અને સરવાળા બાદ શેષ રહેતા આંકડાઓનું શાસ્ત્રોમાં જણાવેલ મહત્તાઓ વિશે સુંદર અને સવિસ્તર સમજણ આપવામાં આવેલ, અંતમાં ‘‘કરી શકે ના કોઈ જેના ગુણોના સરવાળા, યુગો સુધી



શ્રી અતુલભાઈનું વક્તવ્ય



ઉપસ્થિત માનવ મહેરામણ જાપમાં ધ્યાન મગ્ન સભાજનો



દીપ પ્રાગટ્ય કરતા સૌજન્ય દાતા પરિવારજનો તથા મંડળના પ્રમુખશ્રી



શ્રી ભદ્રેશભાઈ મહેતાનું બહુમાન કરતા પ્રમુખ શ્રી દિનેશભાઈ



પ્રાસંગિક વક્તવ્ય આપતા ઉપ પ્રમુખ શ્રી દીપકભાઈ શાહ



શ્રી જયંતભાઈનું તિલક કરી અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ, ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ તથા મેનેજર મનુભાઈ જોશી

ઝળહળશે નવકારમંત્રના અજવાળા''ની સ્વરબદ્ધ રજુઆત કરવામાં આવેલ.

પ્રમખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહના વરદ હસ્તે શ્રી જયંતભાઈ રાહીનું તિલક દ્વારા તથા બૃહદ મુંબઈ પંચપરમેષ્ઠી પરિવારના મુખ્ય કાર્યકર શ્રેષ્ઠી **શ્રી ભદ્રેશભાઈ મહેતાનું** મંડળના રજત સ્મૃતિચંદ્રક તથા બુકે અર્પણ કરી અભિવાદન કરવામાં આવેલ. કાર્યક્રમના સૌજન્ય દાતાઓ કનાસાના પાડાના **વિરમાતા હીરાબેન પોપટલાલ શાહ પરિવારનું** ઉપપ્રમખ શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી તથા ટ્રસ્ટી શ્રી ભદ્રકુમાર મણીલાલ શાહ દ્વારા, મલ્લાતના પાડાના **શ્રીમતી શાંતાબેન પોપટલાલ શાહ પરિવારનું** ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ તથા શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ દ્વારા, **શ્રી પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પરિવારનું** સેક્રેટરી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ તથા શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ દ્વારા બુકે તથા મંડળના રજત સ્મૃતિચંદ્રક એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

સ્ટેજ ડેકોરેશન, સીટીંગ એરેન્જમેન્ટ, કેટરીંગ વગેરેમાં બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવારના કાર્યકરો દ્વારા સાંપડેલ સક્રિય સહયોગ બદલ તેઓ સર્વે પ્રતિ ખાસ આભાર માનવામાં આવેલ.

આ પ્રસંગે મંડળના પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં નવકાર મહામંત્ર જાપના સૌજન્ય દાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ, તેમજ કાર્યક્રમને યશસ્વી બનાવવા બદલ સર્વ કાર્યકરોએ લીધેલ જહેમત બદલ ઋણ ભાવ પ્રદર્શિત કરવામાં આવેલ.

નવકાર જાપની પુર્ણાહુતીએ મંડળના પ્રમુખશ્રી તથા દાતા પરિવારો દ્વારા આરતી તથા મંગળદીવો કરી પરમાત્માને વધાવેલ.

કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ મંડળના ઉપપ્રમુખ **શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ** દ્વારા કરવામાં આવેલ.

અંતમાં અલ્પાહાર રસાનંદ લઈ સૌ છૂટા પડયા.



શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈનું વક્તવ્ય



જયંતભઈ રાહી તથા સાથી વૃન્દ



આરતી ઉતારતા શ્રી નિરંજનભાઈ પોપટલાલના પરિવારજનો

## ટ્રેડફેર એક્ઝીબીશન

### નમ્ર નિવેદન

સમાજના પરિવારોના નાના - મોટા ગૃહ ઉદ્યોગો તેમજ વ્યવસાયના વિકાસાર્થે **વિલેપાર્લે ખાતે તા. ૧૩-૩-૨૦૧૬ના** યોજાયેલ ટ્રેડફેરમાં સ્ટોલ લેનાર પરિવારજનોને તેમના દ્વારા રખાયેલ વસ્તુઓના વેચાણને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી રૂા. ૧૦૦૦/- ની Upliftment Coupen રાખવામાં આવેલ છે, જે પાના નં. **૫** ઉપર અપાયેલ સ્થળોએથી વધુમાં વધુ સંખ્યામાં મેળવી સંસ્થાના સમાજ વિકાસ કાર્યને ઉત્તેજન આપવા નમ્ર વિનંતી છે.

**નોંધઃ** પાંચથી વધુ કુપનો લેનાર સદસ્યોના નામો પાટણ પ્રતિબિંબમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

Upliftment Coupen માત્ર ટ્રેડફેરમાં રખાયેલ સ્ટોલમાંની વસ્તુઓના વેચાણ માટે જ ઉપયોગમાં આવશે જેની ખાસ નોંધ લેવી.

# SHREE PATAN JAIN MANDAL

## 25 YEARS' GROWTH AT A GLANCE

| Year | Total Fund | Sahay & Conrtibution to other | Carried out Surplus ( Deficit ) | Educational Loan India | Educational Loan Foreign | Investments | Members Managing committee | Members General body |
|---|---|---|---|---|---|---|---|---|
| **1990-91** | 119.48 | 11.35 | **-6.89** | 0.66 | 0 .00 | 98.98 | 148 | 2207 |
| **1991-92** | 142.91 | 13.05 | **-16.46** | 0.93 | 0 .00 | 102.98 | 148 | 1771 |
| **1992-93** | 157.97 | 11.87 | **-18.35** | 0.43 | 0 .00 | 123.91 | 148 | 1915 |
| **1993-94** | 185.98 | 12.61 | **-18.23** | 0.65 | 0 .00 | 147.48 | 176 | 2325 |
| **1994-95** | 229.04 | 16.30 | **-18.46** | 0.83 | 0 .00 | 191.84 | 177 | 2560 |
| **1995-96** | 281.23 | 24.97 | **-18.36** | 0.95 | 0 .00 | 242.29 | 188 | 2557 |
| **1996-97** | 311.40 | 32.13 | **-18.49** | 1.35 | 8.00 | 271.68 | 211 | 2716 |
| **1997-98** | 147.87 | 38.73 | **-15.77** | 2.15 | 0 .00 | 315.10 | 224 | 2669 |
| **1998-99** | 446.55 | 38.86 | **-14.43** | 2.70 | 13.5 | 392.68 | 233 | 2468 |
| **1999-2000** | 483.59 | 46.62 | **-10.19** | 2.40 | 17.5 | 430.17 | 243 | 2533 |
| **2000-2001** | 528.82 | 40.36 | **-4.55** | 2.43 | 6.0 | 549.97 | 265 | 2624 |
| **2001-02** | 569.45 | 43.86 | **-6.54** | 2.33 | 6.0 | 580.38 | 264 | 2687 |
| **2002-03** | 625.15 | 60.53 | **-24.39** | 2.13 | 3.0 | 567.99 | 329 | 2720 |
| **2003-04** | 663.73 | 62.34 | **-30.41** | 2.40 | 8.0 | 618.49 | 351 | 2791 |
| **2004-05** | 729.33 | 80.18 | **-25.27** | 4.38 | 11.0 | 677.64 | 378 | 2802 |
| **2005-06** | 782.20 | 69.42 | **0.00** | 2.75 | 4.50 | 735.14 | 436 | 2744 |
| **2006-07** | 824.14 | 83.80 | **-33.18** | 3.45 | 0.00 | 771.39 | 455 | 2820 |
| **2007-08** | 897.20 | 79.12 | **-41.82** | 2.30 | 0.00 | 827.49 | 471 | 2727 |
| **2008-09** | 966.21 | 100.51 | **-17.36** | 2.04 | 0.50 | 894.89 | 486 | 2798 |
| **2009-10** | 1083.91 | 116.19 | **-12.07** | 2.35 | 0.00 | 1036.09 | 525 | 4071 |
| **2010-11** | 1212.56 | 159.91 | **-33.75** | 8.10 | 5.00 | 1103.64 | 538 | 4350 |
| **2011-12** | 1321.00 | 151.75 | **-61.70** | 10.15 | 6.00 | 1237.83 | 577 | 4431 |
| **2012-13** | 1465.20 | 144.00 | **-80.16** | 29.75 | 2.00 | 1316.66 | 625 | 4456 |
| **2013-14** | 1862.63 | 126.29 | **0.45** | 16.95 | 4.00 | 1772.56 | 663 | 4424 |
| **2014-15** | 1931.43 | 151.03 | **35.6** | 8.05 | 14.00 | 1843.00 | 668 | 4375 |
| **2015-16** | 1982.18 | 184.10 | | 8.45 | 33.50 | 1854.70 | 686 | 4397 |
| **31-Dec** | | | | | | | | |

**Sahay:** Educational, Medical, Arthik, Senior Citizen, Viklang Utkarsh, Mahila Utkarsh and Bhada Sahay.

**Other Activities: At Patan:** B.D.S. Vidhyalay, P.J.M. Chhatralay, C.K. Belashram, P.K. Atithigruh, L.D.Zaveri Bath, **B.C. Jhaveri Vidhyarthi Gruh, Diwalibai Udhyog Shala,** Siddhhem Gnanpith, N.S. Shah Suramya Balvatika, Jain Academy & Research Centre.

**At Mumbai:** M.B.Dawavala Library, Properties of Marine Drive, Ratannagar, Bhayandar, Goregaon, Patan Pratibimb, Vastipatrak, Nimit (For Yuth wing), Jivan Saurabh (For Senior Citizen), Vyakhyan, Dandia Ras, Talent Parade, Cultural Activities, Samuh Lagna, Sneh Sammelan, Bhukamp Rahat, Sports, Health Care Centres, Diksharthi Bahuman.

# જીવનમાં વસંતનું આગમન ક્યારે થાય ?

કુદરતે દરેક ઋતુઓને પોતાનું એક અનેરું સૌંદર્ય આપ્યું, પણ તે બધી ઋતુઓમાં શિરમોર સમી વસંતને કોઈ ઋતુરાજ કહે છે, કોઈ મહારાણી કહે છે. વસંતનો વૈભવ નિરાળો છે. પાનખરના નિરાશ વાતાવરણને દૂર કરનાર સૃષ્ટિ ખીલવનાર મોસમ એટલે વસંત. કવિ મેઘબિંદુની વસંતઋતુ માટેની ખૂબ જ સુંદર ચાર પંક્તિઓ છે.

ફાગણનો ફાગ ને ટહુકાનો સાદ,
પછી મલક્યા વિના કેમ રહીએ ?
કામણ કીધા છે અહીં કેસૂડે એવા,
કે મહેંક્યા વિના કેમ રહીએ ?

વસંત એટલે વૃક્ષ ઉપર આવતાં પુષ્પ કે ફળ જ નથી, કેરીના મોર સાથે કલશોર કરતી કોયલનો ટહુકાર માત્ર નથી, પુષ્પો ઉપર મંડરાતા ભમરાઓના ગીતગુંજન માત્ર નથી, વન-ઉપવનમાં લહેરાતી લતાઓ માત્ર નથી પરંતુ જો વાસ્તવિક જીવનમાં વિચારીએ તો તેના અનેક સ્વરૂપ છે તેવા કેટલાંક દ્રષ્ટાંતો અહીં પ્રસ્તુત કરેલ છે.

શરાબ - સુંદરીઓ કે જુગાર જેવા વ્યસની ખરાબ મિત્રોની સોબતે પથભ્રષ્ટ થયેલ આપણા સંતાનને કદીક ખભે હાથ મુકી કો'ક સીસીડી કે બરીસ્ટા કોફી શોપમાં બેસાડી આપણા ગુરુદેવના મુખે શ્રવણ કરેલ કેટલીક જિનાજ્ઞાની હલકી ફુલકી વાતો કરી, પુનઃ જીવન પથ તરફ પગલા માંડવાના પ્રયાસમાં નિમીત્ત બની શકાય તો પણ આપણા જીવનમાં વસંત આવી તેમ જરૂર કહી શકાય.

કોઈક અકલ્પનીય બનાવથી વેરણછેરણ બની ગયેલ શુષ્ક, નિરસ, નિશ્ચેતન જીવનમાં જો અચાનક કો'કના અગાધ, અમાપ, અસીમ સ્નેહની સંજીવની મળી જાય અને મૃતઃપ્રાય બનેલ જીવન જીવવાની જીજીવિષા પુનઃ જાગૃત થાય તો જીવનમાં વસંત આવે જ !

પડોશમાં રહેતા કો'ક પરિવારની મોટી માંદગી સમયે તેની સાથે રહી, હૉસ્પિટલમાં એડમીશન અપાવી ઝડપી નિદાન અને સારવારાર્થે થનાર ખર્ચમાં ગુપ્તપણે કો'ક રકમ આપી, તે સમયની જરૂરિયાતની પૂર્તિ કરી શકાય, ત્યારે આપણા જીવનની વસંત જ કહેવાય.

નોકરી-વ્યવસાય માટે અહીંતહીં ભટકતા કોઈ નવ યુવાનને તેની જાણ વગર આપણી વગવાળા સંબંધીતને ભલામણ કરી તેને નોકરી વ્યવસાય અપાવી તેની જરૂરિયાત સમયે આડકતરી મદદ કરીને પણ જીવનમાં વસંતનું આગમન લાવી શકાય.

વસંતાગમન એટલે શું ? જ્યારે આપણું જીવન હરપળે મધમધે, અત્ર-તત્ર-સર્વત્ર સુખ અને આનંદની જ અનુભુતિ થાય. વરસાદ પશ્ચાત વસુંધરા ઉપર લહેરાયેલ હરિયાળી સમાન અનુભવ થાય.

ગલીના ખુણે કચરાના ઢગલામાંથી આપણું એઠવાળ વીણીને માંડ પેટીયુ ભરી રહેલ કોઈ ગરીબ - લાચાર બાળકને જોઈ, તેને આંગળી પકડી કોઈ સારી હૉટેલમાં પેટ ભરી ખવડાવી શકાય કે, ભોજનશાળામાં કાયમી ભોજન પ્રાપ્ત થાય તેવી સગવડતા કરી આપવામાં સફળતા મળી જાય ત્યારે તો આપણા જીવનમાં સમજો વસંત આવી જ.

સમાજ - સાજન મહાજનની હાજરી અને અગ્નિની સાક્ષીએ લીધેલા પરિણય - પાણીગ્રહણ પશ્ચાત આંતરિક મનભેદ કે અસંતોષના પરિણામે માનસિક, શારિરીક યાતનાઓ સહન કરનાર નારી પોતાના પરિવારજનો સમક્ષ ફરિયાદ કરી બન્ને પક્ષે અરસપરસ સજાવટથી નિરાકરણ લાવી શકે છે. અન્યથા કોર્ટ કચેરીના દરવાજા ખટખટાવીને જબરજસ્તીના બંધનમાંથી મુંક્તિ મેળવી આજની નારી શાનથી પોતાનું સ્વતંત્ર જીવન જીવી શકે છે, તેવા એકાદ પ્રસંગમાં અંતરનો નાદ સાંભળી પિડીત નારીની તરફેણમાં ઉભા રહી તેને સધિયારો આપી તેના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરવા સફળ થઈએ ત્યારે આપણા પણ જીવનના વસંતાગમનના દ્વાર આપોઆપ ખુલી જાય.

પૈસાના અભાવે મધ્યમ કે પછાત વર્ગના બાળકો પ્રાથમિક


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ •**

ADVT

શિક્ષણ પ્રાપ્ત કરવાથી દૂર રહી જતાં દેખાય, ત્યારે તે બાળકને કોઈ સારી શાળામાં દાખલ કરાવી તેના કાયમી અભ્યાસક્રમનો ખર્ચ ઉપાડી લેવામાં આવે, તો હૃદય કમળમાં વસંતના આગમનની છડી પોકારાઈ જ સમજો ! દેશ વિદેશમાં ફરીને કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વિના જીવનભર રક્તપિતિયાની સારવાર કરનાર મધર ટેરેસાને યાદ કરીને તેના અધુરા સ્વપ્નને આગળ વધારવા, એકાદ ડગલું પણ જો ઉપાડીએ ત્યારે પણ આપણા જીવનમાં વસંતનું આગમન અવશ્ય થાય જ !

કો'ક કામાતુર પુરુષની વાસનાનો શિકાર બનેલ કે, ઘર ચલાવવા મજબુરીવશ દેહ વ્યવસાય તરફ ધકેલાયેલી કોઈક નારીને કુટણખાનાની કેદમાંથી મુક્ત કરાવી, 'નારીનિકેતન' કે 'બાપનુઘર' જેવી સંસ્થામાં આશરો અપાવી તેના મુખ પરની પ્રસન્નતા નિરખીએ ત્યારે આપણા જીવનમાં વસંતનું આગમન થયું તેમ જરૂર અનુભવી શકાય.

વેવિશાળ પશ્ચાત દિવસ ઓછા પડતા હોય તેમ રાત્રભર ફોન ઉપર વાર્તાલાપ, વોટ્સએપ, સાગર કિનારે કે સીનેમાં ઘરોમાં થતાં એકાંત મિલનો, કાર્ડ-કેડબરી ને ઉપહારોની આપ-લે કરી યૌવનનો થનગનાટ માણતા પ્રિયજનો - યુગલ માટે વેવિશાળથી પરિણય પર્યન્તનો સુવર્ણકાળ જીવનમાં વસંતાગમન જેટલો જ મધુરો સાબીત થાય છે. કંઈક મજબુરીઓથી ત્યજી દીધેલ કોઈકના બાળકને દત્તક લઈને અથવા અનાથશ્રમમાં દાખલ કરી તેના ભવિષ્યને ઉજ્જવળ કરવાના કાર્યમાં સહભાગી થઈને પણ જીવનમાં વસંત લાવી શકાય છે.

મલમલના વસ્ત્રો ને મુખના ક્ષણિક રસાનંદ માટે માંસાહાર આરોગતા માનવો માટે રોજેરોજ કતલખાને ધકેલાતા અનેક અબોલ જીવોની ચિત્કાર સાંભળી હૃદયમાં કરૂણતા લાવી, એકાદ જીવને પણ કતલખાને જતા અટકાવવામાં જો નિમીત બની શકાય કે, એકાદ મિત્રને સમજાવીને શાકાહાર તરફ વાળવામાં નિમીત બની શકાય, તો પણ આપણું હૃદય વસંતાગમનની સાક્ષી પુર્યા વગર નહીં જ રહે !

આવા નાના નાના અનેક સદકાર્યો કરીને આપણી ભીતર રહેલ પાનખરને પણ વસંત સમ નવપલ્લવિત કરી શકાય.

આપણા જીવનમાં વસંત નથી આવતી કેમકે આપણી આંખોની આડે પૂર્વગ્રહના પડળ છે. અન્યથા દોષો જોવાની ટેવ પડી ગઈ છે. આપણને 'શું મળ્યું છે' તે ભૂલી ગયા છીએ ને 'શું નથી મળ્યું' તેની ચિંતા કરીએ છીએ. પૈસા મેળવવાની લાલસામાં પદને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઘેલછામાં રઘવાઈ દોટ મૂકીએ છીએ.

ઈચ્છા - અપેક્ષા - તૃષ્ણા અને અહમ્ જેવા અવગુણોને દૂર કરીને આપણા જીવન સાથે બનતી દરેક દરેક ઘટના પ્રસંગોએ - સંજોગોએ સ્વીકાર, સમાધાન અને સિદ્ધને જોડી દઈએ તો ચોક્કસ જીવનમાં વસંત આવે. જીવન વિકાસને અટકાવતાં નકારાત્મક પરિબળનો ત્યાગ કરીને તંદુરસ્ત તન, આનંદિત મન અને પ્રસન્ન આત્માથી જિંદગી જીવતાં આવડી જાય તો કદી જેનો અંત આવે ને તેવી કાયમની વસંત આવીને જ રહે.

❑ **જ્ઞાનેશ લાપસીયા**


|| શ્રી શંખેશ્વર ધીયા પાર્શ્વનાથાય નમઃ ||

વિનીત-રાજુલ : ૯૦૨૨૮૦૮૬૨૨ Tel.: 28780553

નીરજ-બીજલ : ૮૦૮૦૬૫૬૬૧૫ Mo.:9322931462

પાટણનું શુદ્ધ ઘી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...

**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**

**SHAH VARSHA DEVENDRAKUMAR**

Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan

All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea

59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,

Road No. 4, Goregaon (West), Mumbai-400 062. Advt

**વીરતી ગૃહ ઉદ્યોગ અને કેટરર્સ**

- દરેક પ્રકારના ખાખરા, પાપડ, વડી, અથાણા મળશે.
- ફરસાણ અને મીઠાઈઓ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
- ટીફીન ઘર પહોંચ તથા ઘરે જમાડવાની વ્યવસ્થા છે.

પાટણ ખાતે ધાર્મીક મહોત્સવ, લગ્ન પ્રસંગ, વરસગાંઠ, બર્થ-ડે પાર્ટી, પીકનીક, ટુર વિગેરે માટે શુદ્ધ અને સારા મેનેજમેન્ટથી કેટરીંગના તમામ પ્રકારના ઓર્ડર કરી આપવામાં આવશે.

Dhaval Shah 8980684113 / 9173769787 Foram Shah

મુંબઈ તથા વિદેશમાં ઘર પહોંચ ડીલીવરી કરી આપવામાં આવશે.

ADVT


# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન સૌરભ સમિતિ આયોજીત યાત્રા પ્રવાસ

## લોઢાધામ તથા જીવદયા ધામ - પોષ વદ ૧૩, શનિવાર તા. ૬-૨-૨૦૧૬

**:: સૌજન્ય દાતાઓ ::**

- **માતુશ્રી જાસુદબેન મણીલાલ લલ્લુચંદ શાહ પરિવાર (ભાભાનો પાડો)**
- **શ્રી જીવદયા પરિવાર (પાટણવાળા) શ્રીમતી ચંદ્રાબેન રમણિકલાલ શાહ પરિવાર (કપૂર મહેતાનો પાડો)**

સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના ભાઈ-બહેનો માટે યોજાયેલ એક દિવસીય યાત્રા પ્રવાસ આપ સહુના ઉત્સાહભેરના પ્રતિસાદથી પૂર્ણ ભરાઈ ગયેલ છે.

બસની વ્યવસ્થા મરીન ડ્રાઈવ, ચોપાટી, વાલકેશ્વર વિલેપાર્લે, ગોરેગામ, બોરીવલી તથા ભાયંદર ખાતેથી કરવામાં આવેલ છે. જે સદસ્યોએ પોતાના અરજીફોર્મ ભરેલ છે તેઓને તેમના નજદિકના વિસ્તારના પ્રતિનિધિ મારફત બસ ઉપાડવાના સ્થળ અને સમયની જાણ કરવામાં આવશે. આપશ્રી પણ તેઓનો ડાયરેક્ટ સંપર્ક સાધી માહિતી મેળવી શકશો.

❑ **જીવન સૌરભ સમિતિ**

## સમ્યગ્જ્ઞાનનો અપૂર્વ સ્રોત

યુગપ્રધાનાચાર્યસમ પ.પૂ. પન્યાસ પ્રવરશ્રી ચંદ્રશેખર વિજયજી મ. સાહેબના શિષ્યરત્ન સમ્યગ્જ્ઞાન પ્રેમી પ.પૂ. પન્યાસ પ્રવરશ્રી જિતરક્ષિત મ. સાહેબની પાવન પ્રેરણાથી **શ્રી મરીનડ્રાઈવ આરાધક જૈન ટ્રસ્ટ** સંચાલિત **''શ્રી ગૌતમ સ્વામી જ્ઞાન ભંડાર''** કારતક સુદ ૧૫ના મહામંગલકારી દિવસે અનંતા સિદ્ધભગવંતોનું શાશ્વત ધામ શ્રી શંત્રુજ્યના પટ જુહારીને ચતુર્વિધ સંઘની પવિત્રમય નિશ્રામાં સમ્યગજ્ઞાનના જયનાદ તથા સમ્યગ્જ્ઞાનની સ્તુતિઓના જયઘોષ સાથે શ્રી સંઘના ટ્રસ્ટીવર્ય શ્રી નરેન્દ્રભાઈ તથા સાગરભાઈ, સંકેતભાઈ, ભુષણભાઈ, જીજ્ઞેશભાઈ આદિ મરીન ડ્રાઈવ સંઘના ઉલ્લાસ સભર નવયુવાનો દ્વારા શ્રી સંઘ સમક્ષ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ સમ્યગ્જ્ઞાનની અનુમોદનાના પ્રસંગે શ્રેષ્ઠીવર્ય મુંબઈના નગરશેઠ શ્રી કીર્તિભાઈ ગીરધરલાલ, શ્રેષ્ઠીવર્ય શ્રી નરેશભાઈ કાંતિલાલ ઝવેરી, શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી દિનેશભાઈ શાંતિલાલ અને શ્રી સંઘના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ઉદ્‌ઘાટન થયા બાદ સમ્યગ્જ્ઞાનની અપૂર્વ શ્રદ્ધા સાથે સંઘના ભાઈ-બહેનોએ સમ્યગ્જ્ઞાનની વાસક્ષેપ પૂજા કરવા માટે મોટી લાઈનમાં એકત્રિત થયા હતા.

સંઘના ભાઈ-બહેનો તેમજ દરેક સંઘના સાધુ-સાધ્વી ભગવંતો સમ્યગ્જ્ઞાનની બુક સ્વાધ્યાય માટે જોઈતી હોય તો રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી મળશે સંપર્ક નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ, મો. ૯૮૧૯૫૭૨૫૭૯.

## સંસ્થા સમાચાર

**ભગીની સમાજ** - પાટણ દ્વારા પાટણ ખાતે એકલા વસવાટ કરતા અને ખૂબજ જરૂરિયાતમંદ સદસ્યોને કોઈપણ જાતના ભેદભાવ વગર દૈનિક હાઈજેનિક ટીફિન સેવા વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

**કોકાના પાડાના શ્રી કોકા પાર્શ્વનાથ ભગવાનની** સાલગીરી તા. ૨૩-૨-૨૦૧૬ રોજ ૯.૩૦થી ૧૨.૩૦ સુધી 'ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ', ૪૪ વલ્લભભાઈ રોડ, વિલેપાર્લે (વે), ખાતે રાખવામાં આવી છે તે દિવસે બહેનોનું મંડળ પૂજા ભણાવશે. ત્યારબાદ મહોલ્લામાં ભાઈ-બહેનો માટે સાધર્મિક ભક્તિ રાખવામાં આવી છે.

પાટણ ખાતે કોકાના પાડામાં તા. ૨૫ થી ૨૯ ડિસેમ્બર સુધી પંચાન્હીકા મહોત્સવ રાખવામાં આવેલ. વરઘોડો તેમજ વિવિધ અનુષ્ઠાનો ઉલ્હાસભેર થયા હતા. દરરોજ ભવ્ય આંગી રચાઈ ભાવનામાં પણ સારી સંખ્યામાં હાજરી રહેતી હતી. મ્યુઝિકલ ચેર, ટેલેન્ટ ગેમો, દાંડિયા રાસ, રાણકીવાવ દર્શન પ્રોગ્રામ યોજેલ. જેમાં સૌએ ઉમળકાભેર ભાગ લઈને આનંદ માણ્યો હતો.

## અભિનંદન

'પરિચય ટ્રસ્ટ' જે અવનવા વિષયોના નિષ્ણાંત પાસે તેમના ખાસ વિષય ઉપર પરિચય પુસ્તિકા લખાવવાનું કાર્ય છેલા ૫૭ વર્ષથી કરે છે દર મહિને ૨ પુસ્તિકાઓ પ્રગટ થાય છે. એક્સપોર્ટના વિષય ઉપર લખવા માટે **શ્રી અજિતભાઈ જયંતિલાલ શાહ** (લીમડીનો પાડો - ગોરેગામ)ની નિમણૂંક થઈ હતી. આ વિષય પર લખેલ પુસ્તિકા 'નિકાસ દ્વારા વિકાસ' પ્રગટ થઈ છે.

શ્રી અજિતભાઈ છેલ્લા ત્રીસ વર્ષથી આયાત-નિકાસના સલાહકાર તરીકે સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. અનેક નાની-મોટી કંપની આ વિષયમાં તેમની સેવા લે છે. આયાત-નિકાસના વિષય ઉપર ૬ પુસ્તકો પણ તેમણે લખ્યા છે. શ્રી અજિતભાઈની આ સિદ્ધિ બદલ સંસ્થા તરફથી અભિનંદન.


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા** Pan No. : AATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત **આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોનઃ** (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ : પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન : ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

**સંપર્ક : શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮

**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુઃખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૫-૭-૧૫ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૩૨૧**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | |
|---|---|
| કાયમી શેડ ફંડ રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | |
| કાયમી નિભાવ ફંડ રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | |

• **સૌજન્ય : દિપકભાઈ રેવંતીલાલ શાહ, મુંબઈ** •

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

# સાભાર સ્વીકાર

**સમાજ વિકાસ ભેટ**
**(નવકાર મંત્ર જાપના સૌજન્ય દાતાઓ)**

૨,૦૦,૦૦૦ બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન દેરાસર ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર
૨,૦૦,૦૦૦ શ્રીમતી શાંતાબેન પોપટલાલ ભીખાચંદ શાહ (મલ્લાતનો પાડો)
૨,૦૦,૦૦૦ શ્રીમતી વિરમાતા હીરાબેન પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૨,૦૦,૦૦૦ શ્રી પ્રેમચંદ નગીનદાસ તેલિયાવાળા (મનમોહનજીની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**
**(મેડીકલ કેમ્પ - પાટણના સૌજન્ય દાતા)**

૨,૦૦,૦૦૦ રેનેસન્સ ફાઉન્ડેશન
હ. શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપુર મહેતાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦ શ્રીમતી રંજનબેન મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૨,૫૦૦ શ્રી વિલબર્ટ હેવ પરિવાર
હ. શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ

**દવા સહાય તથા વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૫,૦૦૦ શ્રી વિરલ જયંતકુમાર ઝવેરી
સ્વ. શ્રીમતી ભાનુમતીબેન જયંતકુમાર ઝવેરીના સ્મરણાર્થે (ખેજડાનો પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ**

૭,૫૦૦ શ્રીમતી વીરમતીબેન બાલુભાઈ શાહ
સ્વ. શ્રી બાલુભાઈ મંગલચંદ શાહના સ્મરણાર્થે (ચોધરીની શેરી)

# દુ:ખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળના પેટ્રન સભાસદ, પાટણ મહાદેવા પાર્શ્વનાથની શેરી, હાલ ચોપાટી સ્થિત **શ્રી પનાલાલ અંબાલાલ શાહ (કલકત્તાવાળા)નું ઉં.વ. ૯૬, તા. ૧૧-૧-૨૦૧૬ના દિને થયેલ દુ:ખદ નિધન** બદલ સંસ્થા દુ:ખની લાગણી વ્યક્ત કરે છે.

શ્રી પનાલાલભાઈએ શ્રી પાટણ જૈન મિત્ર મંડળ કલકત્તાના સ્થાપનાદિનથી ૩૦ વર્ષ પર્યન્ત પ્રમુખ પદે રહી, વર્ષો સુધી પાટણના વતનીઓને સંગઠીત તેમજ પ્રવૃત્તિશીલ રાખવા સાથે મંડળના વિકાસમાં ઉલ્લેખનીય ફાળો આપેલ. કલકત્તા ખાતે સમાજના એક મુરબ્બી વડીલ તરીકે તેઓની આગવી ભૂમિકા રહી હતી. વર્ષો પહેલાં શીખરજીનો યાત્રા પ્રવાસ ખૂબજ કઠીન હોવાથી યાત્રાર્થે જતા આવતા પરિવારો શ્રુસેવા સાથે તેઓ સહાયરૂપ થતા. ઉપરાંત સમાજના પરિવારોમાંથી યુવાનો ધંધાર્થે કલકત્તા આવે તો તેમને રહેવાની તેમજ ધંધાકીય સગવડ અને સુવિધાઓ કરી આપતા હતા આમ લોકચાહના મેળવી સૌના સ્વીકાર્ય વડીલ રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના કલકત્તા ખાતેના ફંડફાળા કે વસ્તીપત્રક ફોર્મ કે મંડળની અન્ય પ્રવૃત્તિની કાર્યવાહીમાં સક્રીય સેવા સૈદવ પ્રાપ્ત થયેલ. પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને ચિર: શાંતિ અર્પો એ જ પ્રાર્થના.

---

કુંભારીયા પાડાના **શ્રી ચંદ્રકાંતભાઈ પોપટલાલ શાહ, ઉં.વ. ૭૭નું તા. ૧૪-૧-૨૦૧૬ના થયેલ દુ:ખદ અવસાન** બદલ સંસ્થા દુ:ખની લાગણી અનુભવે છે.

શ્રી ચંદ્રકાંતભાઈ, ઘાટકોપર પાટણ જૈન મિત્રમંડળમાં વિવિધ હોદ્દાઓ ઉપર સરાહનીય સેવાઓ પુરી પાડેલ, તેમજ સમાજના ઘાટકોપરથી ડોંબીવલી પર્યંત રહેતા સમાજના પરિવારજનોને એક તાંતણે રાખવા સફળ રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના દર વર્ષે નોટબુક વિતરણ કાર્યમાં સદાય સાથે રહી સેવાઓ પુરી પાડેલ, તેમજ વસતીપત્રક ફોર્મ ઈત્યાદી પ્રવૃત્તિઓમાં સહાયક બન્યા હતા. પ્રભુ તેમના આત્માને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના !

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | રસીકલાલ બાબુભાઈ શાહ | ૮૦ | મુંબઈ | ૨૦-૧૨-૨૦૧૫ | માગસર સુદ - ૧૦ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | દિલીપકુમાર ગૌતમલાલ શાહ | ૬૬ | ઈંદોર | ૩૦-૧૨-૨૦૧૫ | માગસર વદ - ૫ |
| વિશા શ્રીમાળી | ખેતરવશી શામળાજીની શેરી | રાકેશભાઈ અનિલકુમાર શાહ | ૪૫ | પાલીતાણા | ૩૧-૧૨-૨૦૧૫ | માગસર વદ - ૬ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | દિવ્યાબેન ભૂપેન્દ્રભાઈ શાહ | ૬૭ | તારદેવ | ૦૩-૦૧-૨૦૧૬ | માગસર વદ - ૯ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | જયંતિલાલ પોપટલાલ શાહ | ૮૬ | નેપયન્સીરોડ | ૦૯-૦૧-૨૦૧૬ | માગસર વદ - ૩૦ |
| વિશા શ્રીમાળી | ખેતરવશી મહાદેવાની શેરી | પનાલાલ અંબાલાલ શાહ (કલકત્તાવાળા) | ૯૬ | ચોપાટી | ૧૧-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૨ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | ચંદ્રકાંત પોપટલાલ શાહ | ૭૭ | ઘાટકોપર | ૧૪-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૫ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ | ૭૫ | મરીનડ્રાઈવ | ૧૮-૦૧-૨૦૧૬ | પોષ સુદ - ૯ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# દુઃખદ નિધન

## શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ



શ્રી પાટણ જૈન મંડળ અને સમાજના શ્રેષ્ઠીવર્ય તથા વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ (કોકાનો પાડો - મરીન ડ્રાઈવ)ના તા. ૧૮-૧-૨૦૧૬ના દિને ૭૫ વર્ષની જૈફ વયે દુઃખદ નિધનના** સમાચાર જાણી મંડળે આઘાતની લાગણી અનુભવી.

મંડળની સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિને વેગવંત બનાવવા તેમજ મહિલાઓને સ્વાવલંબી બનાવવા અંગે તેમના પ્રયાસો ઉલ્લેખનીય રહ્યા હતા. તેના જ એક ભાગ રૂપે અગાઉના વર્ષોમાં સખાવત અર્પણ કરતા **"શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ રીખવચંદ શાહ સ્ત્રી ઉદ્યમ તાલીમ વ્યવસાય યોજના"** સાકાર થયેલ, જેનો લાભ લઈ સમાજની ઘણી બહેનો સ્વાવલંબી થયેલ છે.

મંડળની વ્યવસ્થાપક સમિતિમાં ૧૯૮૧ થી જોડાઈ કુલ ૩૫ વર્ષ પર્યંત ઉત્તમ સેવાઓ પ્રદાન કરવાની સાથોસાથ સને ૨૦૦૬-૦૭ થી ૨૦૧૧-૧૨ દરમ્યાન ટ્રસ્ટી પદે, ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ વર્ષ દરમ્યાન ઉપપ્રમુખ પદે તેમજ ૧૯૯૨-૯૩થી ૨૦૦૨-૦૩ દરમ્યાન સમાજ ઉત્કર્ષ સમિતિના માનદ્‌મંત્રી પદે રહીને સંસ્થા અને સમાજ વિકાસમાં મહત્વનું યોગદાન અર્પેલ છે.

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટની ૧૯૭૯ની સ્થાપનાથી વર્ષો પર્યંત ટ્રસ્ટી અને પાછળના વર્ષોમાં ચેરમેન પદે રહી તેની દરેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં સિંહફાળો રહ્યો છે. જિનાલયના દેવદ્રવ્ય, જીવદયા તથા સાધારણ ખાતાઓમાં ફાળો એકત્રિત કરવામાં તેઓ સદા અગ્રેસર રહેતા. સદ્‌ગતશ્રીએ ચાતુર્માસ અર્થે પધારતા અથવા શેષકાળમાં પણ બિરાજમાન સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ કરી પુણ્યનું ભાથુ બાંધી જીવન સફળ બનાવેલ છે. પ્રભુ ભક્તિ અને સાધર્મિક સેવા તેમના રોમેરોમમાં વ્યાપેલ હતા.

મહેન્દ્રભાઈ માત્ર ધાર્મિક કાર્યો પુરતા સિમિત ન રહેતા સામાજિક ઉત્કર્ષના અનેકવિધ કાર્યોમાં ઉત્સાહભેર જોડાઈ તેને સફળ બનાવવા પ્રવૃત્તિશીલ રહેતા. શ્રી પાટણ જૈન મંડળ ઉપરાંત શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કુલ, મરીન ડ્રાઈવ જૈન સાધર્મિક ફાઉન્ડેશન, ચંદ્રોદય રીલીજીયસ ટ્રસ્ટ, હસ્તગીરી, પાટણ ભોજનશાળા તથા પાટણ જૈન વર્ધમાન તપ આયંબીલ સંસ્થામાં ટ્રસ્ટી પદે રહી તેના સર્વાંગી વિકાસમાં ઉત્તમોત્તમ ફાળો પ્રદાન કરેલ છે.

સરળ, હસમુખા સ્વભાવ તથા દરેક કાર્યોમાં સકારાત્મક અભિગમથી શ્રી મહેન્દ્રભાઈનું સ્નેહી-સંબંધીઓ, મિત્ર વર્તુળ બહોળા પ્રમાણમાં રહ્યું હતું. શ્રી મહેન્દ્રભાઈ મશીનરી ક્ષેત્રના વ્યવસાયમાં કુનેહપૂર્વક આગળ આવી ધંધાકીય વિસ્તાર કરી નામના સંપાદન કરેલ. વ્યવસાયમાં ભાગીદારો સાથે પણ આત્મીય સંબંધો જાળવી રાખેલ.

કર્તવ્ય પરાયણ અને શુભેચ્છક એવા શ્રી મહેન્દ્રભાઈના નિધનથી સંસ્થા અને સમાજને ન પુરાય તેવી ખોટ પડેલ છે. પરિવારના મોભી એવા સદ્‌ગતશ્રીના નિધનથી કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા વિશાળ હીતચિંતકો દુઃખ સાથે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે.

પ્રભુ સદ્‌ગૃતના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ૐ શાતિઃ

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

### Program for January 2016

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Sports** | | **Jan** | | 9.00 to 4.00 | Karnatak Aso. Ground | **Cricket Match** |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **J. Saurabh** | Sat | **6-Feb** | Posh V 13 | Full day | Mumbai | **Yatra Pravas** |
| 2 | **Program** | Friday | **19-Feb** | Mah S 12 | 7.00 pm | Birla Matushree | **Alap Desai Musical Night** |
| 3 | **Program** | Sun | **28-Feb** | Mah V 5 | | Mumbai | **Samuh Lagna** |
| 4 | **Sports** | Sun | **28-Feb** | Mah V 5 | 9.00 to 3.00 | Gore. Sports Club | **45 & above Cricket Match** |
| 5 | **Sports** | Sun | **28-Feb** | Mah V 5 | 6.00 to10.00 | Gore. Sports Club | **Final Cricket Match** |
| 6 | **Eco. & Soci. Upliftment** | Sun | **13-March** | Fag S 5 | 9.00 to 9.00 | Vishwakarma Baug Vile Parle (E) | **Trade Fare & Exbitation** |

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● January 2016 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001
Published on 15th of every month on 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015-17

# દુ:ખદ નિધન

## શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ



શ્રી પાટણ જૈન મંડળના દાતા અને વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, મુરબ્બી **શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)નું શનિવાર, તા. ૯-૧-૨૦૧૬ ના દિને ૮૬ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુ:ખ અને શોકની લાગણી અનુભવી.**

શ્રી જયંતિભાઈએ શ્રી પાટણ જૈન મંડળમાં સને ૧૯૭૧થી જોડાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ તરીકે ૪૫ વર્ષ સુધી રહી સેવાઓ પ્રદાન કરી હતી. સાથોસાથ મંડળની શિક્ષણ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લઈ ઉપયોગી સૂચનો અને માર્ગદર્શન આપતા રહેતા હતા.

શ્રી જયંતિભાઈએ દવાના વ્યાપાર ક્ષેત્રે સારી નામના પ્રાપ્ત કરેલ. સદ્ગતશ્રીનું વ્યકિતત્વ સૌમ્ય અને સૌજન્યશીલ રહ્યું હતું. સ્પષ્ટવકતા, સરળ સ્વભાવ, સૌ પ્રત્યે સ્નેહ-આદરભાવ, સદ્દકાર્યોમાં સદાય ઉદાર સહયોગ આપનાર સેવાધર્મ થકી જીવન ધન્ય બનાવ્યું હતું. એસ. કે. પરિવારના મોભી રહેવા સાથોસાથ સમાજમાં એક સદ્ગૃહસ્થ તરીકે આદરણીય મોભાનું સ્થાન ધરાવતા હતા. સમાજના શિક્ષણ ક્ષેત્રે અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને સહાયક થવાના શુભ અભિગમથી **''સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ''** દ્વારા મંડળમાં શિક્ષણ ક્ષેત્રે માતબર રકમની સખાવત પ્રાપ્ત થયેલ છે, તેમજ વિદ્યાર્થીઓની જરૂરિયાત અનુસાર દાન આપવાની ભાવના તેઓના હ્રદયમાં હંમેશા રહી હતી. મંડળ માટે તેઓ અનહદ પ્રેમ અને લાગણી ધરાવતા હતા.

પાટણ કૉ.ઓપરેટીવ બેન્કની સ્થાપનાના પ્રથમ ૯ વર્ષ સુધી સક્રિય રહી ચેરમેન તથા વાઈસ ચેરમેનના પદે રહી બેન્કની પ્રગતિમાં મહત્વનું યોગદાન પ્રદાન કરેલ છે.

ઘણા લાંબા સમયથી તેમને થયેલ પારકીન્સન્સની વ્યાધિના લીધે શરીરના એક એક અવયવો કામ કરવાનું ત્યજી દેતાં હોઈ અને તેની આડઅસર સામેની વ્યક્તિને ન થાય માટે ઘણીબધી સંસ્થાઓના હોદ્દાઓપરથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ સમાજને શ્રેષ્ઠ ઉદાહરણ પૂરુ પાડેલ છે.

શરીરને વ્યાધીએ ઘેરી લીધેલ હોવા છતાં સમયની સાથે રહેતા શ્રી જયંતિભાઈ અન્યોન્ય પાસેથી પણ સમય સુચકતા સચવાય તેવો આગ્રહ રાખતા. વ્યવસાયમાં નિયમીતપણે ઉપસ્થિત રહી દૈનિક કાર્યોથી માહિતગાર રહેતા અને સલાહસૂચનો આપતા રહ્યા હતા.

**શ્રી જયંતિભાઈના અવસાનથી સંસ્થાને અને સમાજને દાતા તથા શુભેચ્છકની ન પુરાય તેવી ખોટ પડેલ છે.** તેમના અવસાનથી તેમના વિશાળ પરિવારજનોના દુ:ખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો શોક અને દુ:ખની લાગણી વ્યક્ત કરે છે અને આદર સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

ૐ શાતિઃ

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

**Lodha Dham - Jivdaya Dham**
***Yatra Pravas***
Jeevan Saurabh Committee
**Organise a Yatra Pravas for 65 years & above Members on Saturday, 6-2-2016 at 6.00am to 9.00pm Bus will be started at Various Places of Mumbai.**

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.